**નમૂનો : ૧ (તારાંકિત પ્રશ્નનું ફોલ્ડર)**

**અગ્રતા ક્રમ :** 04

વિભાગ: **ઉદ્યોગ અને ખાણ વિભાગ/આઈ-૧ શાખા**

તારાંકિત પ્રશ્ન ક્રમાંક :**૧૫/૪/૧૩૯૩**

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ **: ૧૩/૦૨/૨૦૨૪**

## પંદરમી ગુજરાત વિધાનસભાનું ચોથું સત્ર

પ્રશ્નનું શીર્ષક : **ગાંધીનગર ખાતે આવેલ કન્વેન્શન હોલની બાકી વસૂલાત**

પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રી: **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ**

અને તેમનો મત વિસ્તાર **(લુણાવાડા)**

# અનુક્રમણિકા



| ક્રમ | પ્રશ્નની વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | ગુજરાત વિધાનસભા દ્વારા પુછવામાં આવેલ પ્રશ્ન | |
| | માન. મંત્રીશ્રી (ઉદ્યોગ) દ્વારા મંજૂર થયેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | |
| | પૂરક નોંધ (હેલીપેડ એક્ઝિબીશન ગ્રાઉન્ડની નોંધ) | |
| | **પૂરક માહિતી (પ્રોજેક્ટ કમિટી અંગેની માહિતી)** | |
| **ક્રમ** | **પેટા પ્રશ્નો** | માન.ધારાસભ્યશ્રીનું નામ |
| ૧ | હેલિપેડ એક્ઝિબિશન ગ્રાઉન્ડ શું છે ? અને તેની વિગતો જણાવશો. | શ્રીમતી રીટાબેન પટેલ (ગાંધીનગર ઉત્તર) |
| ૨ | હેલીપેડ એક્ઝીબીશન ગ્રાઉન્ડ ખાતે ૦૧/૧૧/૨૦૧૯ થી ૩૧/૧૨/૨૦૨૩ દરમ્યાન કેટલી ઈવેન્ટનું આયોજન કરવામાં આવેલ છે ? | શ્રીમતી રીટાબેન પટેલ (ગાંધીનગર ઉત્તર) |
| ૩ | હેલિપેડ ગ્રાઉન્ડ પર યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો ૨૦૨૪ ની માહિતી આપો | શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) |
| ૪ | ગાંધીનગર રેલ્વે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (ગરૂડ) ની કામગીરી શું ? | શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) |
| ૫ | ૦૧/૧૧/૨૦૧૯ ની સ્થિતી એ હેલિપેડ એક્ઝિબિશન ગ્રાઉન્ડની સંચાલન અને જાળવણી કોના દ્વારા કરવામાં આવે છે ? | |
| ૬ | એજન્સી દ્વારા હાલની સ્થિતિએ કુલ કેટલી રોયલ્ટી પેટેની રકમ ચૂકવવાની બાકી છે ? | |
| ૭ | સંચાલન અને જાળવણી માટે એજન્સીની પસંદગી કઈ રીતે કરવામાં આવેલ છે ? | |

| | | |
|---|---|---|
| ૮ | એજન્સી દ્વારા માસિક/ત્રિમાસિક/વાર્ષિક કેટલી રોયલ્ટી ચૂકવવામાં આવે છે? | |
| ૯ | એજન્સી દ્વારા અત્યાર સુધી કુલ કેટલી રોયલ્ટીની રકમ ગરૂડને ચૂકવેલ છે ? | |
| ૧૦ | એજન્સી દ્વારા કોવીડ–૧૯ અન્વયે કઈ રજૂઆત કરવામાં આવેલ હતી ? | |
| ૧૧ | ગરૂડએ એજન્સીની રજૂઆત બાબતે શું પગલાં લીધા? | |
| ૧૨ | કોવિડ – ૨૦૧૯ના કેટલા સમયગાળા માટે કોન્ટ્રાક્ટ લંબાવવામાં આવ્યો હતો ? | |
| ૧૩ | ૧૮ માર્ચ ૨૦૨૦ થી ૩૦ નવેમ્બર ૨૦૨૧ (કોવીડ – ૧૯ દરમ્યાન) સુધીમાં હેલીપેડ એક્ઝીબીશન ગ્રાઉન્ડમાં ગરૂડ/એજન્સી દ્વારા કેટલા કાર્યક્રમો યોજવામા આવ્યા ? | |

ગુજરાત વિધાનસભા દ્વારા પુછવામાં આવેલ પ્રશ્ન

તારાંકિત પ્રશ્ન

ક્રમાંક: પ્ર/

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1393

વિષય:

ગાંધીનગર ખાતે આવેલ કન્વેન્શન હોલની બાકી વસૂલાત

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 16/01/2024 | તારીખ 07/02/2024 | 22/01/2024 |

*15/4/1393 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ(લુણાવાડા)

ઉદ્યોગ જણાવવા કૃપા કરશે કે:-

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૩/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૩૩૩૬ (અગ્રતા-૨૫) ના અનુસંધાને માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગાંધીનગર, જૂના હેલીપેડ, સેક્ટર-૧૭ ખાતે આવેલ કેનૃવેનૃશન હોલ(ડોમ) તા. ૦૧/૦૯/૨૦૧૯થી કે એનૃડ ડી કોમ્યુનીકેશન લીમીટેડને રોયલ્ટીથી આપેલ છે તેની પાસેથી તા.૦૭/૦૩/૨૦૨૦ થી તા.૩૦/૦૯/૨૦૨૧(કોવિડ-૧૯)ના સમયગાળાની બાકી રોયલ્ટીની રકમ રૂ.૧૩,૦૮,૧૬,૧૧૦/- ભરવામાંથી મુક્તિ આપવા એજનૃસીએ માંગણી કરેલ જે બાબત વિચારણા હેઠળ હતી અને તા.૩૦/૦૪/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ સુધીની બાકીની રોયલ્ટીની રકમ રૂ.૬,૩૩,૪૫,૦૦૦/- ભરવા માટે એજનૃસીને પત્રવ્યવહાર/નોટીસ આપવામાં આવેલ છે તે પૈકી કેટલી રકમ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વસુલવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત એજનૃસીને ક્યા પ્રકારની કેટલી રકમ ભરવામાંથી મુક્તિ આપવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત એજનૃસી પાસેથી કેટલી રકમ વસુલવાની બાકી છે, બાકી રકમ વસુલવા શા પગલાં લેવામાં આવ્યા?

----

મુખ્ય પેજ પર જાઓ

## માન. મંત્રીશ્રી (ઉદ્યોગ) દ્વારા મંજૂર થયેલ જવાબ

# 4

**ગાંધીનગર ખાતે આવેલ કન્વેન્શન હોલની બાકી વસૂલાત**

*15/4/1393 : **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય ઉદ્યોગમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | ગાંધીનગર, જૂના હેલીપેડ, સેક્ટર-૧૭ ખાતે આવેલ કન્વેન્શન હોલ(ડોમ) તા.૦૧/૦૯/૨૦૧૯ થી કે એન્ડ ડી કોમ્યુનીકેશન લીમીટેડને રોયલ્ટીથી આપેલ છે તેની પાસેથી તા.૦૭/૦૩/૨૦૨૦ થી તા.૩૦/૦૯/૨૦૨૧ (કોવિડ-૧૯) ના સમયગાળાની બાકી રોયલ્ટીની રકમ રૂ.૧૩,૦૮,૧૬,૧૧૦/- ભરવામાંથી મુક્તિ આપવા એજન્સીએ માંગણી કરેલ જે બાબત વિચારણા હેઠળ હતી અને તા.૩૦/૦૪/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ સુધીની બાકીની રોયલ્ટીની રકમ રૂ.૬,૩૩,૪૫,૦૦૦/- ભરવા માટે એજન્સીને પત્રવ્યવહાર/નોટીસ આપવામાં આવેલ છે તે પૈકી કેટલી રકમ તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ વસુલવામાં આવી, | (૧) | કોવિડ-૧૯ ના લોકડાઉનના સમયગાળા (૧૮/૦૩/૨૦૨૦ થી ૩૦/૧૧/૨૦૨૧) ની રોયલ્ટીની રકમ લેવાની જગ્યાએ તેટલા જ સમયગાળા માટે કરાર લંબાવી આપવામાં આવેલ છે. જ્યારે તા. ૩૦/૦૪/૨૦૨૨ થી તા. ૩૧/૧૨/૨૦૨૨ સુધીના સમયગાળાની રોયલ્ટીની રકમ રૂ. ૬,૩૩,૪૫,૦૦૦/- ગરૂડ કંપનીને એજન્સી પાસેથી પુરેપુરી મળી ગયેલ છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત એજન્સીને કયા પ્રકારની કેટલી રકમ ભરવામાંથી મુક્તિ આપવામાં આવી, અને | (૨) | કોવિડ-૧૯ ના લોકડાઉનના સમયગાળા જેટલા સમયગાળા માટે એજન્સીને કરાર લંબાવી આપવામાં આવેલ છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત એજન્સી પાસેથી કેટલી રકમ વસુલવાની બાકી છે, બાકી રકમ વસુલવા શા પગલાં લેવામાં આવ્યા? | (૩) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ એજન્સી પાસેથી વસુલવાની બાકી રહેતી કુલ રકમ રૂ. ૪,૧૩,૮૧,૮૮૯/- (માર્ચ-૨૦૨૪ સુધીની રોયલ્ટીની એડવાન્સ રકમ સહિત) વસુલવા એજન્સીને પત્ર વ્યવહાર/નોટીસ પાઠવતા આજની સ્થિતિએ એજન્સી દ્વારા તમામ રકમ ભરપાઈ કરી દેવામાં આવેલ છે. |

**જવાબ આપવાની તારીખ: ૧૩/૦૨/૨૦૨૪**

વસપ/૧૦૨૦૨૪/તા.પ્ર.૦૨/આઈ-૧
ગુજરાત સરકાર,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૭/૦૨/૨૦૨૪

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

ગુજરાત વિધાનસભા સચિવાલયના તા. ૨૨/૦૧/૨૦૨૪ ના તારાંકિત પ્રશ્ન ક્રમાંક:*૧૫/૪/૧૩૯૩ અનુસંધાને વધારાની ત્રણ નકલ સહિત.

**(જે.બી.પટેલ)**
**સંયુક્ત સચિવ(ઉદ્યોગ)**
**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

નકલ રવાના:-
(૧) જ શાખા, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) સિલેક્ટ ફાઇલ.

મુખ્ય પેજ પર જાઓ

## પ્રશ્નનું મુખ્ય હાર્દ

**પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા) પ્રસ્તુત વિધાનસભા તારાંકિત પ્રશ્ન** : ગાંધીનગર ખાતે આવેલ કન્વેન્શન હોલની બાકી વસૂલાત અંગેનો છે.

ગાંધીનગર રેલવે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ. (ગરૂડ) ની રચના કંપની એક્ટ–૨૦૧૩ હેઠળ ગુજરાત સરકારના ૭૪% અને ભારત સરકારના ઈન્ડિયન રેલવે સ્ટેશન ડેવલપમેન્ટ કોર્પોરેશન (આઇ.આર.એસ.ડી.એસ.) ના ૨૬% શેરમૂડી સાથે તા. ૦૫/૦૧/૨૦૧૭ ના રોજ કંપની તરીકે નોંધણી કરવામાં આવેલ છે. જેની કામગીરી નીચે મુજબ છે.

ભારતમાં પહેલીવાર રેલવે ટ્રેક ઉપર ૩૧૮ રૂમની ફાઈવ સ્ટાર હોટલ સગવડ ઉભી કરવામાં આવેલ છે તેમજ ગાંધીનગર કેપિટલ રેલ્વે સ્ટેશનનો પણ પુર્નવિકાસ કરેલ છે વધુમાં આ કોમ્પ્લેક્ષ મહાત્મા મંદિરની એકદમ નજીકમાં હોઈ મહાત્મા મંદિર ખાતે યોજાતી ઈવેન્ટ વગેરેમાં પધારતા મહાનુંભાવોના આતિથ્ય માટે તેઓને અનુરૂપ ઉત્તમ કક્ષાની સુવિધા પુરી પાડે છે. તેમજ મહાત્મા મંદિરની બાજુમાં હેલિપેડ એક્ઝિબિશન ગ્રાઉન્ડ ખાતે વિવિધ પ્રકારના પ્રદર્શન યોજવામાં આવે છે.

ઉક્ત સગવડોની માહિતી નીચે મુજબ છે:

**ક. ધ લીલા હોટેલ:** આ પંચ તારક હોટલનું બાંધકામ વગેરેનું કામ પૂર્ણ કરીને તા.૧૬, જુલાઈ ૨૦૨૧ના રોજ ભારતના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવેલ હતું. ગાંધીનગર રેલ્વે સ્ટેશનના એરસ્પેસની ઉપર ૩૧૮ રૂમ ધરાવતી પંચ તારક હોટલનું નિર્માણ કરવામાં આવ્યું છે અને હોટલ તા. ૧લી સપ્ટેમ્બર ૨૦૨૧ થી કાર્યરત થયેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં **રૂ. ૬૨.૨૭** કરોડની આવક મેળવી છે જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં **રૂ. ૧૬.૩૩** કરોડની આવક કરેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન હોટલમાં રહેનારા લોકોની સરેરાશ ટકાવારી **૨૩%** હતી જે વધીને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં વધીને **૩૫%** થયેલ છે.

**ખ. મહાત્મા મંદિર કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટર :** એમ.એમ.સી.ઈ.સી. કુલ લગભગ ૨૨,૦૦૦ ચોરસ મીટરમાં આવેલ છે તેમજ ૩૪ એકરમાં ફેલાયેલ અને એક સાથે ૧૫,૦૦૦ પ્રતિનિધિઓને સમાવવા માટે સક્ષમ છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન એમ.એમ.સી.ઈ.સી.ખાતે જી-૨૦, ૩૬ મી નેશનલ ગેમ્સ, ડિફેન્સ એક્સ્પો અને અન્ય આવી પ્રતિષ્ઠિત ઈવેન્ટ્સ યોજાઈ હતી. મહાત્મા મંદિરની પ્રવૃતિઓ માંથી નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ. **૫૦.૭૬** કરોડની આવક થયેલ છે. જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં **રૂ. ૨.૧૨** કરોડની આવક થયેલ હતી.

**ગ. ગાંધીનગર કેપિટલ રેલ્વે સ્ટેશન:** ગાંધીનગર કેપિટલ રેલ્વે સ્ટેશનનું પુર્નવિકાસની કામગીરિ પૂર્ણ કરીને તા. ૧૬, જુલાઈ ૨૦૨૧ ના રોજ ભારતના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઉદ્દ્ઘાટન કરવામાં આવેલ હતું. પુનઃવિકસિત સ્ટેશનને મૈત્રીપૂર્ણ સક્ષમતા માટે ખાસ કરીને ડિઝાઇન કરવામાં આવ્યું છે અને તેમાં ટિકિટિંગ વિન્ડો, લિફ્ટ્સ, રેમ્પ્સ, ડેડીકેટેડ પાર્કીંગ વિસ્તાર, એર-કન્ડિશન્ડ વેઈટિંગ હોલ, પ્રાર્થના રૂમ, પ્રાથમિક સારવાર ખંડ વગેરે તૈયાર કરવામાં આવ્યા છે. સ્ટેશનની રોજિંદી કામગીરી અને જાળવણી માટે ઈલેક્ટ્રિકલ, લેન્ડસ્કેપ, હાઉસકીપિંગ અને પેસ્ટ કંટ્રોલ, વોટર પ્યુરિફાયર, કોચ ગાઈડન્સ સિસ્ટમ, યુ.પી.એસ. સિસ્ટમ વગેરે માટે ગરૂડ કંપની તરફથી એજન્સીઓની નિમણૂંક કરેલ છે. ગરૂડ તરફથી હવે રેલ્વે સ્ટેશનના પ્રથમ માળના ખુલ્લા વિસ્તારનું (કોન્કોર્સ) વ્યાપારીકરણ કરવાની પણ યોજના બનાવી છે.

**ઘ. હેલિપેડ એક્ઝિબિશન ગ્રાઉન્ડ:** હેલિપેડ એક્ઝિબિશન ગ્રાઉન્ડ (એચ.ઈ.જી.) ૧,૦૦,૦૦૦ ચો.મી. માં ફેલાયેલ છે જેમાં ૬ વિવિધ કદના કુલ ૧૩ એક્ઝિબિશન હોલનો સમાવેશ થાય છે. હેલિપેડ એક્ઝિબિશન ગ્રાઉન્ડમાં ભારતના કેટલાક આકર્ષક સમિટ અને પ્રદર્શનો યોજાયા છે. હેલીપેડ એક્ઝિબિશન ગ્રાઉન્ડ (એચ.ઈ.જી.) ની સંચાલન અને જાળવણી ખાનગી એજન્સીને સોંપવામાં આવેલ છે. એજન્સીએ રૂ. ૬.૫૦ કરોડની વાર્ષિક રોયલ્ટીની રકમ ગરૂડને ચૂકવવાની રહેશે તેમજ તમામ કર (મ્યુનિસિપલ કરવેરા તથા અન્ય કરવેરા) અને તમામ નાણાકીય ખર્ચ એજન્સી ભોગવે છે.

મુખ્ય પેજ પર જાઓ

# પૂરક નોંધ (હેલીપેડ એક્ઝિબીશન ગ્રાઉન્ડની નોંધ)

| હેલિપેડ એક્ઝિબિશન ગ્રાઉન્ડની નોંધ | |
|---|---|
| ૧. | વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૧ થી મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર ખાતે યોજાય છે. પરંતુ પ્રદર્શન હેલિપેડ એક્ઝિબીશન ગ્રાઉન્ડ (એચ.ઈ.જી.) ખાતે આયોજિત કરવામાં આવે છે. |
| ૨. | પ્રદર્શનના આયોજન અને સંચાલન માટે ડોમનું નિર્માણ, સ્થળમાં આંતરિક ઇન્ફ્રાસ્ટ્રકચર, સ્ટોલનું નિર્માણ વગેરે માટે એક એજન્સી ટેન્ડર દ્વારા પસંદ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૫ એમ બંન્ને પ્રસંગોએ મે. કે એન્ડ ડી. કોમ્યુનિકેશન એકમાત્ર બોલી લગાવનાર હતા. તેથી તેમને પ્રદર્શન એજન્સી તરીકે પસંદ કરવામાં આવી હતી. |
| ૩. | આમ, અગાઉના વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૫ ના વાયબ્રન્ટ ગુજરાત સમિત વખતે તેમને લગભગ ૧૫ મહિના પહેલા એ શરતે કોન્ટ્રાકટ આપવામાં આવ્યો હતો કે, તેઓ કોન્ટ્રાકટના સમયગાળા દરમિયાન વાયબ્રન્ટ  ગુજરાત સિવાયની અન્ય ઈવેન્ટ પણ યોજી શકે છે. આમ, બિડની કિંમતમાં વાયબ્રન્ટ ગુજરાતની આવક તેમજ અન્ય ઈવેન્ટની આવકનો સમાવેશ થાય છે. ફેબ્રુઆરી ૨૦૧૫માં તે જ સ્થળે પ્લાસ્ટઈન્ડિયાની એક મહત્વપૂર્ણ ઈવેન્ટ પણ યોજાઈ હતી. આમ, વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૫ માટેના પ્રદર્શનનો કોન્ટ્રાકટ વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૫, પ્લાસ્ટઈન્ડિયા અને અન્ય ઈવેન્ટસ માટે હતો. |
| ૪. | વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૫ માટે, કે એન્ડ ડી કોમ્યુનિકેશનને આપવામાં આવેલા કોન્ટ્રાકટમાં એવી જોગવાઈ હતી કે તેઓ પ્રદર્શન માટે હેલિપેડ એક્ઝિબીશન ગ્રાઉન્ડ (એચ.ઈ.જી.) ખાતે કામચલાઉ માળખાં (ડોમ) બાંધશે અને કરારની મુદત પૂરી થયા પછી કામચલાઉ બાંધકામોને તોડી પાડવામાં આવશે અને જમીન ખુલ્લી સ્થિતિમાં ઈન્ટેક્ષ્ટ–બી ને પરત કરવામાં આવશે. |
| ૫. | પ્લાસ્ટ ઈન્ડિયાના પ્રદર્શન માટે મજબૂત પાયાની જરૂર હતી. તેથી મે. કે. એન્ડ ડી. કોમ્યુનિકેશનએ હેલીપેડ પ્રદર્શન સ્થળની આ જમીન પર હંગામી મજબૂત માળખું ઊભું કર્યુ હતું. |

| | |
|---|---|
| ૬. | વર્ષ ૨૦૧૫ વાયબ્રન્ટ સમિતિનો કરારનો સમયગાળો પૂરો થયા પછી, મે. કે. એન્ડ ડી. કોમ્યુનિકેશનએ હંગામી માળખાંને તોડી પાડ્યું ન હતું. એટલે કે હેલીપેડ પ્રદર્શન સ્થળની ખુલ્લી જમીન ઉપર મુખ્યત્વે પ્રદર્શનો, વહીવટી મકાન, નોંધણી કાઉન્ટર વગેરે હતા. આવા હંગામી બાંધકામો ખૂબ ખર્ચાળ હોય છે. ઈન્ટેક્ષ્ટ–બી દ્વારા પ્રોફેશનલ વેલ્યુઅર દ્વારા કરવામાં આવેલ વેલ્યુએશન મુજબ, જો હંગામી માળખાંને તોડી પાડવામાં આવે અને સ્ક્રેપ તરીકે વેચવામાં આવે તો તેની અંદાજિત બજાર કિંમત રૂ. ૫૨.૦૦ કરોડ (રૂ. બાવન કરોડ) છે. કે એન્ડ ડી એ કોઈપણ શરત વિના હેલિપેડ એક્ઝિબિશન ગ્રાઉન્ડ ઈન્ટેક્ષ્ટ–બી ને પરત કરી દીધુ હતું. |
| ૭. | આર એન્ડ બી દ્વારા ઈન્ટેક્ષ્ટ–બી ને વાયબ્રન્ટ ગુજરાતના મર્યાદિત સમયગાળા માટે જ આ સ્થળ આપેલ હોઈ, ઈન્ટેક્ષ્ટ–બી એ હેલિપેડ એક્ઝિબીશન ગ્રાઉન્ડ પરત કરવા માટે આર એન્ડ બી વિભાગનો સંપર્ક કર્યો હતો. પરંતુ આર એન્ડ બી એ હેલિપેડ એક્ઝિબીશન ગ્રાઉન્ડ પાછુ લેવાનો ઈન્કાર કર્યો હતો કારણ કે હેલિપેડ એક્ઝિબીશન ગ્રાઉન્ડની જમીન પર હંગામી માળખાની રચના હતી. જ્યારે શરત એ હતી કે, હેલિપેડ પ્રદર્શન સ્થળને તેની તે સ્થિતિમાં એટલે કે ખુલ્લી સ્થિતિમાં પરત કરવામાં આવે જે સ્થિતિમાં ઈન્ટેક્ષ્ટ–બી ને આપવામાં આવેલ હતી. |
| ૮. | આર એન્ડ બી ની શરતો મુજબ આ માળખાને તોડી પાડવાની જરૂર હતી. પરંતુ સ્ટ્રક્ચરને તોડી પાડવું અને તેને ભંગારમાં વેચવું અને પછી નવી પ્રદર્શન એજન્સી પસંદ કરવા માટે ટેન્ડર જારી કરવાનું સલાહ ભર્યું ન હતું. કારણ કે પ્રદર્શનો માટેના માળખાની ઉપયોગીતા ખોવાઈ જશે અને ઈન્ટેક્ષ્ટ–બી ને હેલિપેડ એક્ઝિબીશન ગ્રાઉન્ડને ટેન્ડરીંગ માટે ઓછી કિંમત મળશે. કારણ કે નવી એજન્સીએ નવેસરથી કામચલાઉ માળખા બાંધવા પડશે અને ટેન્ડર કરતી વખતે આ ખર્ચની કિંમતને પણ ધ્યાનમાં લેશે. હાલના સ્ટ્રક્ચર સાથે ટેન્ડર જારી કરવું વહીવટી રીતે યોગ્ય ન હોઈ શકે. કારણ કે સ્ટ્રક્ચર્સનું મૂલ્ય રૂ. ૫૨ કરોડ (સ્ક્રેપ મૂલ્ય પર) છે. અને તે મૂળભૂત રીતે ઈન્ટેક્ષ્ટ–બી ના કબજામાં છે. |
| ૯. | વધુમાં , વાયબ્રન્ટ ગુજરાત, ૨૦૧૭ના પ્રદર્શનના આયોજન અને સંચાલન માટે માત્ર ૭ જ મહિના બાકી હતા. તેથી નવી એજન્સીની પસંદગી માટે ટેન્ડર ફ્લોટ કરવા માટે હવે થોડો સમય બાકી હતો. |
| ૧૦. | હેલીપેડ પ્રદર્શન સ્થળની આવી સ્થિતિને લઈને ઉભી થયેલી વહીવટી ગુંચના કારણે તે જ પ્રદર્શન એજન્સીને પસંદ કરવાની સલાહ આપવામાં આવી. |

| | |
|---|---|
| ૧૧. | વાયબ્રન્ટ ગુજરાત,૨૦૧૭ માં હેલિપેડ એક્ઝિબીશન ગ્રાઉન્ડ માટે કે એન્ડ ડી કોમ્યુનિકેશનને એક્ઝિબિશન એજન્સી તરીકે પસંદ કરવા સરકારશ્રીમાં દરખાસ્ત કરવામાં આવી. જેના અનુસંધાને મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષતામાં એક સમિતિનિ રચના કરવામાં આવેલ હતી. |
| ૧૨. | મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં તા. ૨૯/૦૯/૨૦૧૬ ના રોજ મળેલ બેઠકમાં નક્કી થયા અનુસાર જરૂરી ટેન્ડર પ્રક્રિયા  આર એન્ડ બી અને ઉદ્યોગ વિભાગ દ્વારા હાથ ધરી વાયબ્રન્ટ ગુજરાત- ૨૦૧૭નું આયોજન થયેલ હતું. |
| ૧૩. | વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૭ વખતે હેલિપેડ પ્રદર્શન સ્થળ ખાતે કે એન્ડ ડી કોમ્યુનિકેશન દ્વારા જ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલુ હતું. |
| ૧૪. | વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૯ માટેના હેલિપેડ ખાતેના પ્રદર્શન અંગેના આયોજન માટે ટર્ન-કી બેઝ પર ઇન્ટેક્ષ્ટ-બી દ્વારા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલી હતી તેમાં  કે એન્ડ ડી કોમ્યુનિકેશનની પસંદગી થયેલી હતી. |
| ૧૫. | તા. ૨૨/૧૧/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક: જીઆરડી/૧૦૨૦૧૮ /૧૨૬૮/આઇ-૧ થી આર એન્ડ બી દ્વારા ઉદ્યોગ વિભાગને હેલિપેડ ગ્રાઉન્ડની જમીન આપવામાં આવેલી હતી. |
| ૧૬. | તા. ૨૯/૫/૨૦૧૯ ના રોજ માન. મુખ્ય મંત્રીશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલ બેઠકમાં હેલિપેડ ગ્રાઉન્ડના ઓપરેટર નક્કી કરવા જણાવેલ હતું. |
| ૧૭. | જેના અનુસંધાને ગરૂડ કંપની દ્વારા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી હતી. જેમાં ત્રણ કંપનીઓએ ભાગ લીધેલ હતો. કે એન્ડ ડી કોમ્યુનિકેશન દ્વારા પ્રતિ વર્ષ રૂ. ૬.૫૦ કરોડ (સાડા છ કરોડ) રોયલ્ટી ચુકવવાની દરખાસ્ત રજૂ થતા તા. ૦૧/૧૧/૨૦૧૯ થી આ એજન્સીને ૭ વર્ષ માટે હેલિપેડ પ્રદર્શન ગ્રાઉન્ડનું સંચાલન અને જાળવણી સોંપવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

## પૂરક માહિતી (પ્રોજેક્ટ કમિટી અંગેની માહિતી)

| | |
|---|---|
| **પ્રોજેક્ટ કમિટી શું છે?** | ગરુડને લગતા તમામ પ્રોજેક્ટ્સ માટે અને પ્રોજેક્ટ સબંધિત તમામ નિર્ણયો લેવા માટે ગરુડના નિયામક મંડળે એજન્ડા નં. ૧/૧૯ તા. ૩૦/૦૧/૨૦૧૭ ની પ્રથમ બેઠકમાં પ્રોજેક્ટ કમિટી ઓફ નિયામક મંડળની રચના કરી હતી. જેમાં નીચેના મુજબ સભ્ય હતા:<br>**૧)** મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગરૂડ<br>**૨)**જોઇન્ટ મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગરૂડ<br>**૩)** ડિરેક્ટરશ્રી, ગરૂડ (આઇ.આર.એસ.ડી.એસ.) ના પ્રતિનિધિ<br>**૪)** ડિરેક્ટરશ્રી ગુજરાત સરકાર તરફથી<br>**૫)**ડિરેક્ટરશ્રી (ગુજરાત સરકાર તરફ થી) |
| **પ્રોજેક્ટ કમિટી ઓફ નિયામક મંડળના સભ્યો કોણ છે?** | ગરુડ ના નિયામક મંડળ દ્વારા એજન્ડા નં. ૧૪/૪ તા. ૦૭/૧૧/૨૦૧૯માં નિર્ણય લીધા મુજબ, નીચે મુજબના સભ્યોની પ્રોજેક્ટ કમિટી ઓફ નિયામક મંડળની પુનઃરચના કરવામાં આવી:<br>**૧)** મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગરૂડ<br>**૨)** ડિરેક્ટરશ્રી, માર્ગ અને મકાન વિભાગના પ્રતિનિધિ( ગુજરાત સરકાર તરફથી)<br>**૩)** ડિરેક્ટરશ્રી, નાણા વિભાગના પ્રતિનિધિ(ગુજરાત સરકાર તરફથી)<br>**૪)** ભારતીય રેલ્વે સ્ટેશન વિકાસ નિગમ લિમિટેડના પ્રતિનિધિ<br>**૫)** જોઇન્ટ મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગરૂડ (રેલવે મંત્રાલયના પ્રતિનિધિ)<br>**૬)** જોઇન્ટ મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગરૂડ (ગુજરાત સરકારના પ્રતિનિધિ)<br>આજની સ્થિતિએ આજ કમિટી કાર્યરત છે. |

<table>
<tr>
<td>એજન્સીની રજૂઆતો શું હતી?</td>
<td>એજન્સીએ વિવિધ પત્રોથી ગરૂડને કોવિડ–૧૯ ના સમયગાળા માં નીચે મુજબની રજૂઆત કરેલ હતી:<br>૧. કોવિડ–૧૯ ના સમયગાળા (તા. ૧૮/૦૩/૨૦૨૦ થી તા.૩૦/૧૧/૨૦૨૧ સુધીની) રોયલ્ટી ફી ભરવામાંથી માફી માંગેલ હતી.<br>૨. કોવિડ ગાળા દરમ્યાન થયેલ વહીવટી ખર્ચની ભરપાઈ માટેની રજૂઆત.<br>3. તાઉક્તે વાવાઝોડાથી વખતે થયેલ નુકશાન ભરપાઈ કરવા અંગેની રજૂઆત.</td>
</tr>
<tr>
<td>એજન્સીની રજૂઆત બાબતે પ્રોજેક્ટ કમિટી ઓફ નિયામક મંડળની કેટલી મિટિંગ યોજાઇ ? એ મિટિંગ માં કોણ- કોણ સભ્યો હાજર રહ્યા હતા?</td>
<td>પ્રોજેક્ટ કમિટી ઓફ નિયામક મંડળની કુલ ૨ (બે) મીટિંગ યોજાયેલ હતી. (પહેલી મિટિંગ તા. ૧૭/૦૨/૨૦૨૨ અને બીજી મિટિંગ તા. ૨૧/૦૩/૨૦૨૨ યોજાયેલ હતી).
<table>
<tr><th>મિટિંગ</th><th>હાજર રહેલા સભ્યો</th></tr>
<tr><td>પહેલી મિટિંગ તા. ૧૭/૦૨/૨૦૨૨</td><td>૧) મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગરૂડ<br>૨) સચિવશ્રી, માર્ગ અને મકાન<br>૩)જોઇન્ટ મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગરૂડ (ગુજરાત સરકારના પ્રતિનિધિ)<br>૪) મુખ્ય નાણાકીય અધિકારીશ્રી, ભારતીય રેલ્વે સ્ટેશન વિકાસ નિગમ લિમિટેડ (આઇ.આર.એસ.ડી.એસ.)</td></tr>
<tr><td>બીજી મિટિંગ તા. ૨૧/૦૩/૨૦૨૨</td><td>૧) મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગરૂડ<br>૨) સચિવશ્રી, માર્ગ અને મકાન<br>૩) અધિક સચિવશ્રી (બજેટ), નાણાં વિભાગ<br>૪)મુખ્ય નાણાકીય અધિકારીશ્રી, ભારતીય રેલ્વે સ્ટેશન વિકાસ નિગમ લિમિટેડ (આઇ.આર.એસ.ડી.એસ.)</td></tr>
</table>
</td>
</tr>
</table>

| **ગરુડ ની કઈ-કઈ નિયામક મંડળની બેઠક માં એજન્સીની રજૂઆતનો મુદ્દો ચર્ચવામાં આવ્યો?** | **નિયામક મંડળની મિટિંગ ની તારીખ** | **બેઠક ની વિગતો** |
|---|---|---|
| | **૧૮મી** નિયામક મંડળની બેઠક તા. ૧૧/૦૬/૨૦૨૦ના એજન્ડા નં. ૧૮/૯ | એજન્સીની રજૂઆત (રોયલ્ટીની માફી બાબતે) નિયામક મંડળના સમક્ષ મૂકવામાં આવી |
| | **૧૯મી** નિયામક મંડળની બેઠક તા. ૨૮/૦૭/૨૦૨૦ના એજન્ડા નં. ૧૯/૧૫ | એજન્સીની રજૂઆત અંગેનો તા. ૦૪/૦૬/૨૦૨૦ના પત્ર ની રજૂઆત ધ્યાને લઈ ભારત સરકારની કોવિડ-૧૯ માર્ગદર્શિકા ધ્યાને લેવા નિર્ણય લીધો તેમજ આ અંગે પ્રોજેક્ટ કમિટીએ એજન્સી સાથે વાટાઘાટો કરી, કાયદાકીય અભિપ્રાય તથા કોવિડ-૧૯ માર્ગદર્શિકાઓ યોગ્ય તે ઉકેલ લાવવા નિર્ણય લીધો. |
| | **૨૫મી** નિયામક મંડળની બેઠક તા. ૨૫/૦૩/૨૦૨૨ ના એજન્ડા નં. ૨૫/૭ | પ્રોજેક્ટ કમિટી ઓફ નિયામક મંડળની નીચે મુજબની ભલામણો ગરૂડના નિયામક મંડળ સમક્ષ રજૂ કરવામાં આવેલ હતી:<br>**૧.** રોયલ્ટી ફી ની માફી ના બદલે કોન્ટ્રાક્ટનો સમયગાળો વધારી આપવો.<br>**૨.** કોવિડ સમયગાળા દરમ્યાન થયેલ ખર્ચનો ચુકવણી ગરૂડ દ્વારા રેકોર્ડની યોગ્ય ચકાસણી અને પ્રિ-ઓડિટ કર્યા બાદ કરવામાં આવશે (મહત્તમ મર્યાદા રૂ ૪૦ લાખ). હાલની સ્થિતિએ કોઈપણ ચૂકવણું કરવામાં આવેલ નથી.<br>**3.** કરારની શરતો પ્રમાણે એજન્સીએ તમામ મિલકતોનો વીમો લેવાનો રહે છે. જેથી આ રજુઆત અંગેનો નિર્ણય મુલતવી રાખવામાં આવ્યો. |

| | | |
|---|---|---|
| | | ઉપરની ભલામણો નિયામક મંડળે સરકારશ્રીનું સમર્થન મેળવવાને આધીન, ઉપરોક્ત રજુઆત **(૧)** અને **(૨)** અંગે મંજૂરી આપેલ હતી.<br>આ અંગે સરકારશ્રીને દરખાસ્ત કરતાં, સરકારશ્રીએ તા. ૨૫/૦૪/૨૦૨૩ના પત્રથી ગરૂડના નિયામક મંડળે યોગ્ય નિર્ણય લેવા જણાવ્યું હતું. |
| | **૩૦** મી નિયામક મંડળની બેઠક તા. ૨૬/૦૭/૨૦૨૩ના એજન્ડા નં. ૩૦/૧૩ | રાજ્ય સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગનો પત્ર નં. આઇએમડી/એમઆઇએસ/ઇ–ફાઇલ/9/2022/1336/આઇ–૧ તા. ૨૫/૦૭/૨૦૨૩ના પત્રમાં જણાવ્યા પ્રમાણે આ અંગે ગરુડના નિયામક મંડળે એજન્સી સાથેનો મૂળ કરાર મંજૂર કરેલ છે જેથી આ અંગે ગરુડના નિયામક મંડળને જરૂરી નિર્ણય લેવા જાણ કરેલ છે. તે બાબત નિયામક મંડળ સમક્ષ મૂકવામાં આવી. ગરુડના નિયામક મંડળે આ બાબતે નોંધ લઈને અગાઉ નિયામક મંડળે તા.૨૫/૦૩/ ૨૦૨૩ની બેઠક માં ઠરાવ નં. ૨૫/૭ માં આ અંગે નિર્ણય લેવાયેલ છે. જેની નોંધ લીધી. |
| **ગરુડ નિયામક મંડળમાં સભ્યો કોણ છે?** | ગુજરાત સરકાર તરફ થી ૬ અધિકારીને ડિરેક્ટરશ્રી તરીકે અને ભારત સરકારના રેલ્વે મંત્રાલય તરફ થી ૪(ચાર) અધિકારીને ડિરેક્ટરશ્રી તરીકે છે.<br>**1.** અધિક મુખ્ય સચિવશ્રી (ઉદ્યોગ અને ખાણ વિભાગ) – અધ્યક્ષ<br>**2.** ઉદ્યોગ કમિશનરશ્રી – સભ્ય | |

| | |
|---|---|
| | 3. સચિવશ્રી (માર્ગ અને મકાન વિભાગ) – સભ્ય અને વહીવટી સંચાલકશ્રી<br>4. અધિક સચિવશ્રી(બજેટ), નાણા વિભાગ–સભ્ય<br>5. મુખ્ય એન્જીનીયર (પાટનગર યોજના – માર્ગ અને મકાન વિભાગ) સભ્ય અને સંયુક્ત વહીવટી સંચાલકશ્રી<br>6. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ભારતીય રેલ્વે સ્ટેશન વિકાસ નિગમ લિમિટેડ – સભ્ય<br>7. મુખ્ય નાણાકીય અધિકારીશ્રી, ભારતીય રેલ્વે સ્ટેશન વિકાસ નિગમ લિમિટેડ – સભ્ય<br>8. મુખ્ય એન્જીનીયર (પશ્ચિમ રેલ્વે) – સભ્ય<br>9. સંયુક્ત વહીવટી સંચાલકશ્રી (રેલવેના પ્રતિનિધિ) સભ્ય (જગ્યા ખાલી) |
| ૧૮ માર્ચ ૨૦૨૦ થી ૩૦ નવેમ્બર ૨૦૨૧ (કોવીડ–૧૯ દરમ્યાન) સુધીમાં હેલીપેડ એક્ઝીબીશન ગ્રાઉન્ડમાં ગરૂડ/એજન્સી દ્વારા કેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યા | **૧૮ માર્ચ ૨૦૨૦ થી ૩૦ નવેમ્બર ૨૦૨૧ (કોવીડ–૧૯ દરમ્યાન) હેલીપેડ એક્ઝીબીશન ગ્રાઉન્ડમાં એક પણ ઈવેન્ટ યોજાયેલ નથી.** |

મુખ્ય પેજ પર જાઓ

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી:**<br>**શ્રીમતી રીટાબેન પટેલ (ગાંધીનગર ઉત્તર)** | |
| મૂળ પ્રશ્ન પુછનાર **માન. ધારાસભ્યશ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા)** | |
| **પેટા પ્રશ્ન: ૧** | હેલિપેડ એક્ઝિબિશન ગ્રાઉન્ડ શું છે ? અને તેની વિગતો જણાવશો. |
| **જવાબ** | હેલિપેડ એક્ઝિબિશન ગ્રાઉન્ડ સેક્ટર – ૧૭ ગાંધીનગર ખાતે આવેલ છે. આ હેલિપેડ એક્ઝિબિશન ગ્રાઉન્ડ (એચ.ઇ.જી.) ૧,૦૦,૦૦૦ ચો.મી. માં ફેલાયેલ છે. જેમાં ૬ વિવિધ કદના કુલ ૧૩ એક્ઝિબિશન હોલનો સમાવેશ થાય છે. હેલિપેડ એક્ઝિબિશન ગ્રાઉન્ડમાં ભારતના કેટલાક આકર્ષક સમિટ અને પ્રદર્શનો યોજવામાં આવે છે. |

મુખ્ય પેજ પર જાઓ

**પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી:**

**શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ)**

મૂળ પ્રશ્ન પુછનાર **માન. ધારાસભ્યશ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા)**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન: ૨** | **હેલીપેડ એક્ઝીબીશન ગ્રાઉન્ડ ખાતે ૦૧/૧૧/૨૦૧૯ થી ૩૧/૧૨/૨૦૨૩ દરમ્યાન કેટલી ઇવેન્ટનું આયોજન કરવામાં આવેલ છે ?** |
| **જવાબ** | હેલીપેડ એક્ઝીબીશન ગ્રાઉન્ડ ખાતે ૦૧/૧૧/૨૦૧૯ થી ૩૧/૧૨/૨૦૨૩ દરમ્યાન કુલ ૪૭ ઈવેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે: |

| | | |
|---|---|---|
| (અ) | પ્રી–કોવીડ દરમ્યાન<br>નવેમ્બર – ૧૯ થી માર્ચ – ૨૦ | ૯ ઈવેન્ટ |
| (બ) | કોવીડ દરમ્યાન<br>એપ્રિલ ૨૦ થી નવેમ્બર ૨૧ | ૦ ઈવેન્ટ |
| (ક) | પોસ્ટ કોવીડ દરમ્યાન<br>ડિસેમ્બર ૨૧ – ડિસેમ્બર ૨૨ | ૨૧ ઈવેન્ટ |
| | જાન્યુઆરી ૨૩ – ડિસેમ્બર ૨૩ | ૧૭ ઈવેન્ટ |

મુખ્ય પેજ પર જાઓ

| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી:**<br>**શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ)** | |
|---|---|
| મૂળ પ્રશ્ન પુછનાર **માન. ધારાસભ્યશ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા)** | |
| **પેટા પ્રશ્ન: ૩** | **હેલિપેડ ગ્રાઉન્ડ પર યોજાયેલ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો ૨૦૨૪ ની માહિતી આપો** |
| **જવાબ** | હેલિપેડ ગ્રાઉન્ડ પર યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો ૨૦૨૪ દરમ્યાન:<br>• ૨૦ થી વધુ સહભાગી દેશોએ ભાગ લીધો.<br>• ૧૩ ડોમ્સમાં અલગ વિષય વસ્તુઓ પર પ્રદર્શન યોજાયા.<br>• ૧,૨૦૦ થી વધુ પ્રદર્શનકારોએ ભાગ લીધો.<br>• રીવર્સ બાયર્સ–સેલર્સ મીટમાં ૧૦૦ થી વધુ ફોરેન બાયર્સે ભાગ લીધો.<br>• ત્રણ લાખથી વધુ લોકોએ પ્રદર્શનની મુલાકાત લીધી હતી.<br>• ૪૫૦ થી વધુ એમ.એસ.એમ.ઈ., સ્ટાર્ટઅપ્સ અને મહિલા ઉદ્યોગસાહસિકોના એકમોએ ભાગ લીધો<br>• આ પ્રોગ્રામ દરમ્યાન ૧૫ જેટલી મોટી કંપનીઓએ ભાગ લીધો હતો. |

**વધારાની માહિતી :**

- જેવી કે હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ, ભારત અર્થ મૂવર્સ લિમિટેડ, નેસ્લે, ઑટોલાઇન, સૉટાક ફાર્મા, નવિન ફ્લોરિન, એમજી હેક્ટર, મેટા ઈવી, રત્નાવિર પ્રિસિઝન, દિપક નાઈટ્રાઈટ, પેટ્રોનેટ એલએનજી, આરતી ઈન્ડસ્ટ્રીઝ, રેવા એન્ટરપ્રાઈઝ, ડૉ. અગ્રાવત હેલ્થકેર, મયંક ઈન્ડસ્ટ્રીઝ, સિધ્ધિવિનાયક નોટ્સ જેવી કંપનીઓએ ભાગ લીધો હતો.

મુખ્ય પેજ પર જાઓ

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી:**<br>**શ્રીમતી રીટાબેન પટેલ (ગાંધીનગર ઉત્તર)** | |
| મૂળ પ્રશ્ન પુછનાર માન. **ધારાસભ્યશ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા)** | |
| **પેટા પ્રશ્ન: ૪** | ગાંધીનગર રેલ્વે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (ગરૂડ) ની કામગીરી શું ? |
| **જવાબ** | કંપનીની મુખ્ય કામગીરીમાં<br>૧. ગાંધીનગર રેલવે સ્ટેશનનું રીડેવલપમેન્ટ, નિર્માણ, સંચાલન અને જાળવણી.<br>૨. રેલ્વે સ્ટેશન ઉપર એર સ્પેસમાં ૩૧૮ રૂમની ફાઈવ સ્ટાર હોટલ પ્રોજેકટના નિર્માણ, સંચાલન અને જાળવણી.<br>૩. મહાત્મા મંદિર ની સંચાલન અને જાળવણી.<br>૪. હેલિપેડ એક્ઝીબિશન ગ્રાઉન્ડ, ગાંધીનગરનું સંચાલન અને જાળવણી. |

મુખ્ય પેજ પર જાઓ

| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી:** | |
|---|---|
| મૂળ પ્રશ્ન પુછનાર **માન. ધારાસભ્યશ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા)** | |
| **પેટા પ્રશ્ન: ૫** | **૦૧/૧૧/૨૦૧૯ ની સ્થિતી એ હેલિપેડ એક્ઝિબિશન ગ્રાઉન્ડની સંચાલન અને જાળવણી કોના દ્વારા કરવામાં આવે છે ?** |
| **જવાબ** | • હેલિપેડ એક્ઝીબીશન ગ્રાઉન્ડની સંચાલનની કામગીરી ગુજરાત સરકાર અને ભારત સરકારના ઇન્ડિયન રેલ્વે સ્ટેશન ડેવલપમેન્ટ કોર્પોરેશનની સંયુક્ત ભાગીદારીથી બનાવેલ ગાંધીનગર રેલ્વે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ. (ગરૂડ) દ્વારા કરવામાં આવે છે.<br>• વધુમાં ગરૂડ દ્વારા નિયમાનુસરાની ટેન્ડરીંગ પ્રક્રિયા અનુસરી સૌથી વધુ રોયલ્ટી આપનાર એજન્સીને હેલિપેડ એક્ઝીબીશન ગ્રાઉન્ડની જાળવણીની કામગીરી સોંપવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી:** | |
|---|---|
| મૂળ પ્રશ્ન પુછનાર **માન. ધારાસભ્યશ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા)** | |
| **પેટા પ્રશ્ન: ૬** | **એજન્સી દ્વારા હાલની સ્થિતિએ કુલ કેટલી રોયલ્ટી પેટેની રકમ ચૂકવવાની બાકી છે ?** |
| **જવાબ** | તા. ૩૧/૦૩/૨૦૨૪ સુધી એજન્સી પાસેથી કોઈ પણ રકમ વસૂલવાની બાકી રહેતી નથી. |

મુખ્ય પેજ પર જાઓ

| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી:** | |
|---|---|
| મૂળ પ્રશ્ન પુછનાર **માન. ધારાસભ્યશ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા)** | |
| **પેટા પ્રશ્ન: ૭** | **સંચાલન અને જાળવણી માટે એજન્સીની પસંદગી કઈ રીતે કરવામાં આવેલ છે ?** |
| **જવાબ** | ગરૂડ કંપની દ્વારા, ઓનલાઇન ઈ–ટેન્ડરીંગ પ્રક્રિયા હાથ ધરીને રોયલ્ટીની સૌથી વધુ રકમ (એચ૧ બિડર હોવાથી) ધ્યાને લઈને મેસર્સ કે. એન્ડ ડી. કોમ્યુનિકેશન્સનને હેલિપેડ એક્ઝિબિશન ગ્રાઉન્ડના સંચાલન અને જાળવણી માટે પસંદગી કરેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી:** | |
|---|---|
| મૂળ પ્રશ્ન પુછનાર **માન. ધારાસભ્યશ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા)** | |
| **પેટા પ્રશ્ન: ૮** | **એજન્સી દ્વારા માસિક/ત્રિમાસિક/વાર્ષિક કેટલી રોયલ્ટી ચૂકવવામાં આવે છે?** |
| **જવાબ** | એજન્સી દ્વારા વાર્ષિક રૂ ૬.૫૦ કરોડ + જીએસટી ચૂકવવામાં આવે છે. આ રકમ એજન્સી દ્વારા ત્રિમાસિક (કુલ ૪ હપ્તા)માં ચૂકવવાની શરત છે. આ રકમ એજન્સી દ્વારા ત્રિમાસિક ધોરણે અગાઉથી (એડવાન્સમાં) વસૂલવામાં આવે છે. |

મુખ્ય પેજ પર જાઓ

| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી:** | |
|---|---|
| મૂળ પ્રશ્ન પુછનાર **માન. ધારાસભ્યશ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા)** | |
| **પેટા પ્રશ્ન: ૯** | **એજન્સી દ્વારા અત્યાર સુધી કુલ કેટલી રોયલ્ટીની રકમ ગરૂડને ચૂકવેલ છે ?** |
| **જવાબ** | એજન્સીસ દ્વારા અત્યાર સુધીમાં કૂલ રૂ.૨૦,૭૯,૪૨,૨૨૫/-(રૂપિયા વીસ કરોડ ઓગણએંસી લાખ બેતાલીસ હજાર બસો પચીસ) ની રકમ રોયલ્ટી પેટે ગરૂડને ચૂકવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી:** | |
|---|---|
| મૂળ પ્રશ્ન પુછનાર **માન. ધારાસભ્યશ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા)** | |
| **પેટા પ્રશ્ન: ૧૦** | **એજન્સી દ્વારા કોવીડ-૧૯ અન્વયે કઈ રજૂઆત કરવામાં આવેલ હતી ?** |
| **જવાબ** | એજન્સીએ વિવિધ પત્રોથી ગરૂડને કોવિડ–૧૯ ના સમયગાળામાં નીચે મુજબની રજૂઆત કરેલ હતી:<br>૧. રોયલ્ટી ફી ભરવામાંથી માફી માંગેલ હતી.<br>૨. કોવિડ ગાળા દરમ્યાન થયેલ વહીવટી ખર્ચની ભરપાઈ માટેની રજૂઆત.<br>3. તાઉક્તે વાવાઝોડા વખતે થયેલ નુકશાન ભરપાઈ કરવા અંગેની રજૂઆત. |

મુખ્ય પેજ પર જાઓ

| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી:** | |
|---|---|
| મૂળ પ્રશ્ન પુછનાર **માન. ધારાસભ્યશ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા)** | |
| **પેટા પ્રશ્ન: ૧૧** | ગરૂડએ એજન્સીની રજૂઆત બાબતે શું પગલાં લીધા? |
| **જવાબ** | ગરૂડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા પ્રોજેક્ટ સમિતિની રચના કરવામાં આવેલ હતી. જેમાં નીચે મુજબના સભ્યો હતા:<br>**અ) મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગરૂડ**<br>**બ) સચિવશ્રી, માર્ગ અને મકાન**<br>**ક) અધિક સચિવ (બજેટ), નાણાં વિભાગ**<br>**ડ) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ભારતીય રેલ્વે સ્ટેશન વિકાસ નિગમ**<br>**ઇ) મુખ્ય નાણાકીય અધિકારીશ્રી, ભારતીય રેલ્વે સ્ટેશન વિકાસ નિગમ**<br>**એફ) જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગરૂડ**<br>જેના સમક્ષ એજન્સીની રજૂઆતો મૂકવામાં આવેલ હતી અને એજન્સીને પણ સાંભળવામાં આવેલ હતી. આ સમિતિએ નીચે મુજબ ભલામણો કરી હતી જે ગરૂડના નિયામક મંડળ સમક્ષ રજૂ કરવામાં આવેલ હતી: |

| | |
|---|---|
| | ૧. રોયલ્ટી ફી ની માફીના બદલે કોન્ટ્રાક્ટનો સમયગાળો વધારી આપવો.<br><br>૨. કોવિડ સમય ગાળા દરમ્યાન થયેલ ખર્ચની ચુકવણી ગરૂડ દ્ધારા રેકોર્ડની યોગ્ય ચકાસણી અને પ્રિ–ઓડિટ કર્યાબાદ કરવામાં આવશે (મહત્તમ મર્યાદા રૂ ૪૦ લાખ). હાલની સ્થિતિએ કોઈપણ ચૂકવણું કરવામાં આવેલ નથી.<br>૩. કરારની શરતો પ્રમાણે એજન્સીએ તમામ મિલકતોનો વીમો લેવાનો રહે છે. જેથી આ રજૂઆતનો અસ્વીકાર કરવામાં આવ્યો.<br>ઉપરની ભલામણો નિયામક મંડળ સમક્ષ રજૂ કરેલ હતી અને નિયામક મંડળએ સરકારશ્રીની મંજૂરી મેળવવાને આધીન, ઉપરોક્ત રજુઆત (૧) અને (૨) અંગે મંજૂરી આપેલ હતી.<br><br>આ અંગે સરકારશ્રીને આ દરખાસ્ત કરતાં, સરકારશ્રીએ તા. ૨૫/૦૪/૨૦૨૩ ના પત્રથી ગરૂડના નિયામક મંડળએ યોગ્ય નિર્ણય લેવા જણાવ્યું હતું. |

મુખ્ય પેજ પર જાઓ

| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી:** | |
|---|---|
| મૂળ પ્રશ્ન પુછનાર **માન. ધારાસભ્યશ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા)** | |
| **પેટા પ્રશ્ન: ૧૨** | **કોવિડ - ૨૦૧૯ના કેટલા સમયગાળા માટે કોન્ટ્રાક્ટ લંબાવવામાં આવ્યો હતો ?** |
| **જવાબ** | કોવિડ – ૨૦૧૯ના લોકડાઉનના સમયગાળા તા. ૧૮/૦૩/૨૦૨૦ થી તા. ૩૦/૧૧/૨૦૨૧ સુધીના ૨૦ મહિના અને ૧૩ દિવસ જેટલા જ સમયગાળાનો કરાર લંબાવી આપવામાં આવેલ છે. એટલે કે કરારના સમયગાળાની છેલ્લી તારીખ ૩૧/૧૦/૨૦૨૬ થી લંબાવીને તા. ૧૩/૦૭/૨૦૨૮ સુધીનો રહેશે. |

મુખ્ય પેજ પર જાઓ

| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી:** | |
|---|---|
| મૂળ પ્રશ્ન પુછનાર **માન. ધારાસભ્યશ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા)** | |
| **પેટા પ્રશ્ન: ૧૩** | **૧૮ માર્ચ ૨૦૨૦ થી ૩૦ નવેમ્બર ૨૦૨૧ (કોવીડ – ૧૯ દરમ્યાન) સુધીમાં હેલીપેડ એક્ઝીબીશન ગ્રાઉન્ડમાં ગરૂડ/એજન્સી ધ્વારા કેટલા કાર્યક્રમો યોજવામા આવ્યા ?** |
| **જવાબ** | કોવીડ – ૧૯ વૈશ્વિક મહામારીના કારણે અને સરકારની વખતો વખત માર્ગદર્શિકાના મુજબ ૧૮ માર્ચ ૨૦૨૦ થી ૩૦ નવેમ્બર ૨૦૨૧ સુધી હેલીપેડ એક્ઝીબીશન ગ્રાઉન્ડમાં કોઈ પણ પ્રકારના કાર્યક્રમો યોજી શકાયા નથી. |

મુખ્ય પેજ પર જાઓ